# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૦૨/૨૦૨૬ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ–** **સમાચાર યાદી નં.૨૫૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૫૮ લીટર દેશી દારૂ, ૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૫૮ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૫૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ–** **સમાચાર યાદી નં.૨૫૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ–** **સમાચાર યાદી નં.૨૫૪/૨૦૨૬**

**શાહીબાગઃ** પ્રદિપકુમાર નાગજીભાઇ સાવલીયા (ઉ.વ.૩૪)(રહે, ભાગવત ઇલેજીયમ, અમર જવાન સર્કલ પાસે નિકોલ) એ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૫ થી તા.૦૬/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ગૌરવ રણછોડભાઇ રૈયાની તથા (૨) દિપ ધીરજલાલ વોરા (રહે.સહકાર ટ્રેડર્સ, નારાયણનગર, કતારગામ, સુરત શહેર) એ ભેગા મળી શાહીબાગ અસારવા, હરીપુરા બસ સ્ટેન્ડ પાસે, એસ્ટેટ–૨ અભિષેક ઇન્ડસ્ટ્રીયલ ખાતે આવેલ પ્રદિપકુમારની "બાલાજી એપેરેલ્સ" નામની ફર્મમાંથી કુલ રૂપિયા ૩૮,૩૯,૦૫૧/– મતાનો રેડીમેડ ગારમેન્ટનો માલ મેળવી લઇ, તે પેટે રૂપિયા ૧૨,૮૦,૮૦૩/– ઓનલાઇન ચુકવી બાકી નિકળતા રૂપિયા ૨૫,૫૮,૨૪૭/– નહી ચુકવી પ્રદિપકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

**લુંટઃ–** **સમાચાર યાદી નં.૨૫૫/૨૦૨૬**

**ઓઢવઃ** સંદિપભાઈ ખેતારામ દેવડા (ઉ.વ.૩૨)(રહે.અભિલાષા સ્કવેર, આંજણા ચોક પાસે, નિકોલ) તા.૦૬/૦૨/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે ઓઢવ કિંગ સ્ટોન બિલ્ડીંગ સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષો સંદિપભાઇને રોકી "તમે કેમ મારી ગાડીને અકસ્માત કરેલ છે?" તેમ કહી તેમની સાથે બોલાચાલી ઝઘડો કરી મારામારી કરી તેમની એક્ટીવાની ડીકી ખોલાવી ડીકીમાંથી એક બેગ બળજબરીપુર્વક કઢાવી, બેગ લઇ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૪,૦૦,૪૦૦/– હતા. આ અંગેની ફરીયાદ સંદિપભાઈ દેવડા એ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ગોહીલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર ચાદી નં.૨૫૬/૨૦૨૬**

**અમરાઈવાડીઃ** અમરાઈવાડી ગુલાબનગર ચાર રસ્તા આંનદ ફલેટ સામે મન્સુરીની ચાલી ખાતે રહેતા અમૃતભાઈ મોતીભાઈ વાઘેલા નાઓના ૧૫ વર્ષના પુત્રએ અગમ્ય કારણસર પોતાના ઘરે લોખંડની પાઈપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.કે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી